श्री महावीराय नमः

પર્યુષણ પર્વ

અને

આપણુ કર્તવ્ય

પ્રકાશક.

ધી ફ્રેન્ડલી એસોસીએશન

ચતુર્ભૂજ તારાચંદ સેક્રેટરી—અમદાવાદ.

આવૃતિ પહેલી.

કીંમત ૦-૧-૦

' રાજસ્થાન છાપખાનામા ' શાહ હી-
રાલાલ વર્દ્ધમાને છાપ્યું

श्री महावीराय नमः

શ્રી પર્યુષણ પર્વ

અને

આપણું કર્તવ્ય.

આજે પર્યુષણનો પવિત્ર દિવમ છે. લોકો ધર્મધ્યાનમાં પ્રવૃત થઇ આત્માનુ કલ્યાણ કરી રહ્યા છે; ભાવિક ભકતો પોસહ લઇ સંસારની ઉપાધી છોડી ઉપાશ્રે ગઇ આખો દિવસ ગુરૂવાણીનો લાભ લેતા હતા. ત્યારે બીજા મનુષ્યો સામાયિક વીગેરે કરી પોતાનું કર્તવ્ય પુરૂં થયું સમજી ગપાટા મારવામાં મશગુલ બનતા હતા. ત્યારે બીજી તરફ યુવક વર્ગ દેખાદેખીથી યાનો લજ્જાથી ઉપવાસાદિ કરી પોતાનો બધો સમય ચોપાટ અથવા તો ગંજીપામાં કાઢતા હતા આવી અનેક જાતની ધમાલ થઇ રહી હતી. તેવામાં એક યુવાન કે જેનું નામ મી, ચંદુલાલ હતું. તેઓ

રમવા તરફ ઉતાવળા જતા હોય—મી. મણીભાઈ કે જેઓ એક ધર્મચુસ્ત અને ધર્મ પરાયણ તેમજ જમાનાને અનુસરનાર જૈન યુવક છે અને તે તેમનો મિત્ર હતો એટલે તેમણે પૂછયું. કેમ ચંદુભાઇ ? આજે પર્યુષણમા પણ નવરાશ નહિ આમ એકદમ કઈ તરફ પ્રયાણ કર્યું વારૂ !

ચદુભાઇ— ભાઇ આજે તો ઓફીસમાથી રજા મેળવી છે. એટલે નવરાશ છે અને વળી આજે ઘરમાના બધાના કહેવાથી ઉપવાસ કરવો પડયો છે. એટલે વખત વીતાડવા માટે આ જરા મી સોમચદને ત્યા ગંજીપે અથવા તો ચોપાટે રમવા જતો હતો

રમણીક—શુ આજે આવા પવિત્ર દિવસમા ચોપાટ રમશો ? ભલા માણુસ તમે ઉપવાસ શા માટે કર્યો છે. ઉપવાસ કરી ચોપટાદિ રમી કર્મ બધન કરવુ એ જૈનકુળમા ઉત્પન્ન થએલાને તો છાજેજ નહિ. ભાઈ ચદુ આજે તો વ્યાખ્યાન સાભળો કે જેથી કાઇક સમજણ મળે સામાયિક કરો અને તે ન બને તો લાઇબ્રેરીમા જઇ ધર્મના પુસ્તકો વાચો તમને વાચવાનો તો બહુ શોખ છે વારૂ.

ચંદુભાઇ—જુવોને સોમચદને ત્યાથી માણુસ તેડવા આવ્યુ હતું અને મારૂં મન પણ હતું એટલે જવાનો નિશ્ચય કર્યો હતો પણ વારૂ મિત્ર નવરાશના વખતમાં રમવાથી હાની શી સહુ રમે છે. વખત ન જાય એટલે શું કરે!

રમણીક—બોલીને પાપ ન બાંધો પર્યુષણના આઠ દિવસમાતો નજ રમાય જ્યારે શાસ્ત્રકારોએ બીજા દિવસે પણ ચોપાટ રમવાની ના લખી છે, તો પછી આ દિવસોમાં તો રમાયજ કેમ ? માટે તે વાત જવા દઇ કોઇ ધર્મની વાત કરો. અજ્ઞાનને વશ પડેલા બીચારા રમતમાજ મગ્ન હોય ને ? તે ધર્મ એટલે શું અને આ દિવસોમા આપણે શુ કરવું જોઇએ તે જાણેજ શના ? બીચકોલી સાકરનો સ્વાદ શુ જાણે " એ તો પછી ગાડરીમા પ્રવાહની માફક લોક લજ્જાએ કરે જાય અને તમે એક સારાં ઓફીસર થઇને રમવા જાઓ એ તો છતી આખે દિવો લઇ કુવામાં પડવા જેવું થાય માટે મારી સાથે ઉપાશ્રયે ચાલો ત્યા સામયિક કરી ગુરૂવાણી સાંભળશું ખરેખર આપણા પર્યુષણમા આપણું શું શું કર્તવ્ય છે તે ભૂલી જઇ લોકો આખો દિવસ રમવામાજ ગાળે છે જુગાર વીગેરેની શાસ્ત્રોમા ચોખી મનાઇ લખી છે, છતાં તે પવિત્ર પર્યુષણમાં રમાય એ કેવી દિલગીરીની વાત છે. અહિં નહિ પણ ઘણે ઠેકાણે આ રમત રમાય છે. છતાં કયાંઇ પણ ધ્યાન અપાતું નથી એ શોચનિય છે. આ સંબધમાં મુની મહારાજાઓએ શ્રાવકોને સમયાનુસાર દાખલા દલીલોથી સમજાવવા જરૂરના છે આઇ ચંદુ તમારો એકલાનો આમાં ગુન્હો નથી પણ આ પ્રવૃતિ કોણ જાણે ક્યારથી પડી છે. તે કાંઇ સમજાતું નથી સારા જાણકાર માણુસો પણ પર્યુષણમાં રમવા બેસે છે તો પછી

તમારા જેવાનું તો પૂછવુંજ શું પણ તેઓની જ્યારે વેપારની મોસમ હોય અને તેને કહેવા જઈશું કે ભાઇ આજે જરા રમવા ચાલોને તો તેના જવાબમાં તે તુરત તડાકી ઉઠશે. શું આજે રમવાના દિવસો છે કે રમવા બેસીએ ભલા વિચારતો કરો કે સ્વાર્થના કામમાં રમવાનું નહિ અને જેનાથી આપણુને અક્ષયસુખ પ્રાપ્ત થાય છે જેને માટે મનુષ્ય માત્ર પ્રયત્ન કરી રહ્યા છે તેવા ધર્મના દિવસોમા રમવુ અરે વિચાર તો કરો કે ધર્મ વિના અર્થ અને કામ કોઇ દિવસ પણ પ્રાપ્ત થવાનું નથી કહ્યું છે કે

त्रिवर्गसंसाधनमंतरेणपशोरिवायुर्विफलं नरस्य
तत्रापिधर्मं प्रवरवदंतिनतं विना यद्भवतोर्थकामौ.

ત્રણ વર્ગના સાધન વિના મનુષ્યનુ આયુષ પશુની માફક નિષ્ફળ ગણ્યું છે. પરતુ તેમા ધર્મને પ્રથમપદ આપ્યુ છે. કારણ કે તે વિના અર્થ અને કામની પ્રાપ્તિ થઇ શકિત નથી તો જ્યારે ધર્મ કરવાના દિવસો આવે છે ત્યારે કર્મનો વેપાર કરવા બેસે છે આહા કેવી અજ્ઞાનતા અરે મોહનેવશ પડી રહેલા આપણે ધર્મના દિવસો આવીજ રીતે રમતમા યાતો ઝગડામા ગુમાવી દઇએ છીએ.

ચદુ—ભાઇશ્રી આપના ઉપદેશથી મને બરાબર જ્ઞાન થયું છે માટે ચાલો હું તમારી સાથે વ્યાખ્યાનમા

આવું પણ મને સામાયિક કરતાં નથી આવડતું માંટે શીખવવું પડશે.

રમણીક—ઘણી ખુશીથી ચાલો.

પર્યુષણ પર્વના દિવસોમાં ઉપાશ્રય લોકોથી ભરપૂર હોય છે નહિ તો મહારાજ સિવાય બીજું કોઇ ભાગ્યેજ નજરે પડે, પરન્તુ આજે તો લોકોની ઠઠ હતી કારણ કે પર્યુષણનો પહેલો દિવસ હતો બરાબર આઠ વાગવાનો વખત થઇ ગયો છે વ્યાખ્યાન બેસવાની શરૂઆત હજુ થઇ ન્હોતી તેવામાં રમણીક તથા ચંદુલાલ આવી પહોચ્યા

મુનિ મહારજ આવ્યા સિંહાસન ઉપર બીરાજમાન થઇ મંગલાચરણની શરૂઆત કરી શ્રાવકો. જી જીના પોકારો કરવા લાગ્યા અને વ્યાખ્યાન શરૂ કર્યું પર્યુષણ પર્વ હોઇને તેમાં શ્રાવકોનું શું શું કર્તવ્ય છે. તે સંબંધીનું વ્યાખ્યાન વંચાતુ હતું. માણસોની ઠઠ્ઠ સારી મળી હતી. પોરસી ભણાવાનો વખત થઇ જવાથી પહેલું વ્યાખ્યાન સમાપ્ત કર્યું એટલે ન્યાતના શેઠ ઉભા થયા અને બોલ્યા કે ભાઇઓ જરા સાંભળો.

ઘણા ભાઇઓ પાસે સાધરણના ઘીના ભંડારના જ્ઞાન ખાતાના વિગેરેના રૂપિઆ લેણા છે માટે આ આડ દિવસમાં આપી દેવા અને જે નહિ આપે તેને માથે બમણું વ્યાજ ચડશે અને સંઘ વિચાર કરશે. વળી બધા ભાઇઓ અહિં

એહા છે માટે મોતીચદનો કાંઇ નીવેડો લાવો ન્યાત બહાર મૂક્યો હોય તો ન્યાત બહાર મૂકો પણ લંબાવો છો શા માટે તો બધા વિચાર કરી હમણાં જ તેનો નિવેડો લાવો વ્યાખ્યાન અડધી કલાક બંધ રાખશે.

આટલું કહી શેઠ એક બે અગ્રેસરોને લઈ ખાનગી કરવા લાગ્યા. મહારાજ ઉઠીને પોતાની ઓરડીમાં ગયા કેટલાક તો અરસપરસ લડી મરવા લાગ્યા જોઇ લેજો ધાર્મિક દિવસોની ધમાલ કોઇ કાંઈ વાત કરવા લાગ્યું તો કોઇ વળી મોતીચંદનો પક્ષ ખેચવા લાગ્યું એવામાં તેનો ભાઇ બોલી ઉઠયો કે કોની માએ શેર સુઠ ખાધી છે કે ન્યાત બહાર મુકી શકે. વાત કજીયા ઉપર આવી ગઈ. ભાવિક શ્રાવકો ત્યાથી ઉઠી ચાલ્યા ગયા આ બધુ આપણા પેલા ગૃહસ્થ મી રમણીકલાલ જોયા કરતા હતા. પરંતુ હવે તેનાથી રહેવાયુ નહિ. ધર્મની લાગણી હાડો હાડ વ્યાપી ગઇ એકદમ વચ્ચે પડી. લોકોને શાત કર્યા. અને હૃદયનો ઉભરો બહાર કાઢયો

આજનો આ પ્રસંગ જોઈ દરેકના મન દિલગીર થયા વિના રહેશે નહિ અહિઆ શામાટે આપણે એકઠા થયા છીએ આજે કેવો દિવસ છે તે સહુ કોઇ જાણતા છતાં–આવું તોફાન કરવું તે શ્રાવકોનું કર્તવ્ય નથી આ આઠ દિવસોની અંદર તો શ્રાવકોને ધર્મ કરણી કરવાની

३०६२.

કહી છે. હમણાજ મહારાજ સાહેબ પેલા વ્યાખ્યાનમાં શું વાંચી ગયા છે તે તો સહુ કોઇએ સાંભળ્યું છે તો આવા દિવસોમાં ન્યાતના ઝઘડા લાવી મુકવા એ કોઈ રીતે ઉચીત નથી કારણ કે ન્યાતના ઝઘડા હમેશાં તોફાની જ હોય છે તો તે ઝઘડા તો બીજા કોઇ પ્રસગે જ કાઢવા અવશ્યના છે આ આઠ દિવસોમાં તો આપણે શાંતિથી વર્તવાનું છે એટલુંજ નહિ પણ આપણું શું શું કર્તવ્ય છે તે યથાર્થ રીતે બજાવવાનું છે કેટલાક બંધુઓ તો કર્તવ્યને જાણતા જ નહિ હોય પણ ગાડરીયા પ્રવાહની પેઠે દેખાદેખીથી કરે છે ત્યારે વળી બીજી તરફથી એવા પણ વિઘ્નો લાવી મુકે છે કે-અઠાઇયાતો પાંચ કે સોળ ઉપવાસ કરનારને અમુક રૂપિઆ ખર્ચવાજ જોઇએ ભલા હું પુછુ છું કે તે કયા શાસ્ત્રમા લખ્યું છે બીચારા ભાવિક માણસોને એવી રીતે કહી તપશ્ચર્યા કરવા દેતા નથી અને નકામા વિઘ્ન ભૂત થઈ કર્મ ઉપાર્જન કરે છે.

એવુ ક્યાંઇ પણ લખ્યું નથી. માટે તેનો બંદોબસ્ત થવો જોઇએ કે દરેકને છુટ આપવી જોઇએ હું તો દરેક ભાઇઓ અને બ્હેનોને અત્યારથી જ કહું છું કે જેને ભાવ હોય તેણે ઉપવાસ ખુશીથી કરવા પછી જોઈએ છીએ કે કોણ બોલે છે.

આ દિવસોમાં હમેશાં કામ, ક્રોધ, લોભ, રાગ, દ્વેષ, મોહ–માયા–મદ એ અષ્ટ શત્રુઓથી દૂર રહેવું જોઇએ આઠે દિવસ બ્રહ્મચર્ય શુદ્ધ મનથી પાળવું જોઇએ. ત્રણ વખત

દેવવંદન કરવું વ્યાખ્યાન સાંભળવું. બે વખત પ્રતિક્રમણ પોસહ સામાયિક વિગેરે શુદ્ધ મનથી કરવું. પૂજા પ્રભાવના યથાશકિત પ્રમાણે કરવા એ દરેક શ્રાવકનુ કર્તવ્ય છે જેમ બને તેમ જૈન શાસનને દિપાવવું. આઠ દિવસ સુધી તમામ પ્રકારનો વેપાર બંધ કરવો. પ્રવર્તીનુ અથવા તો આરંભનું કાર્ય બીલકુલ કરવું નહિ દરેકની સાથે મૈત્રી ભાવથી વર્તવું વરસ દરમિયાન ઉત્પન્ન થએલ વેર વિરોધની ક્ષમા આપવી અને લેવી. દુષ્મનાઈ દૂર કરવી. કપટનાને જડ મૂળમાથી ઉખેડી નાખવી. આ સામાન્ય કર્તવ્ય મેં બતાવ્યું પણ વિશેષ કર્તવ્ય તો આ ત્રણ દિવસના વ્યાખ્યાનમા આવશે માટે ધ્યાન દઈ સાભળવાની દરેકને ભલામણ કરૂં છું એટલું જ નહિ પણ તે પ્રમાણે કરણીમા મૂકવાની જરૂર છે.

પરંતુ ખેદ સહ કહેવું પડે છે કે આજ કાલ આપણે તે કર્તવ્યથી તદ્દન વિમુખ બની ગયા છીએ. દરેક ક્રિયા જાણે-માથે આવી પડી છે માટે ભાર ઉતારે છુટકો તેમ કરે છે સામાયિક પ્રતિક્રમણ કરતી વખતે શું શુ કરવું જોઇએ તેને બદલે ગામ ગપાટા મારી વખત પૂરો કરે છે. આખા વર્ષ કરતાં આ આઠ દિવસમાં વેર વિરોધને વધારે છે. વ્યાખ્યાનમા પણ પ્રભાવના હોય તો જ પધારવાનુ થાય છે નહિ તો પાંચ કે દસ શ્રાવક જ નજરે પડે છે માટે તેમ નહિ કરતાં આવા પવિત્ર દિવસો માં તો આઠે દિવસ

વ્યાખ્યાન સાંભળવું અને સાંભળવામાં આવે તે પ્રમાણે વર્તવુ અને તે ઉપર ભાવના ભાવી અમલમાં મુકવું કેટલાક ભાઇઓ વ્યાખ્યાનમાંથી ઘેર જઈ ચોપાટ કે ગંજીપો રમવામાં વખતનો વ્યય કરે છે અરે જે દિવસો શોધ્યા પણ નથી મળતા તેની અંદર રમીને વખતનો દુરૂપયોગ કરવો એ ખરેખર શરમાવા જેવું છે એટલુંજ નહિ પણ પ્રતિક્રમણ પણ દેખાદેખીથીજ થાય છે. તે વખતે જો બારીકીથી અવલોકન કરીશું તો સેકડે પચીસ ટકાતો નિદ્રાદેવીને આધીન થઇને બેઠા હશે- એટલુંજ નહિ પણ બે ત્રણ વર્ષ ઉપર એક ગામમા સમચ્છરીને દિવસે પ્રતિક્રમણમા શ્રાવકોની વચ્ચે સામસામી કાંકરીઓ ઉડી હતી. અને તે મુનીરાજને પણ વાગી હતી વાહ ! શુ શ્રદ્ધા કેવી ભકિત ભાઇઓ આપણે આપણા કર્તવ્યથી તદ્દન વિમુખ થઇ ગયા છીએ. આને માટે ગુરૂ મહારાજની વાણીનો પ્રચંડ પ્રહાર જોઇએ જ્યા સુધી આવી સ્થીતિ છે ત્યા સુધી કદી પણ કલ્યાણ થઇ શકવાનું નથી જોકે કહેતાં દોષ લાગે છે. છતા કહેવું જોઇએ કે કેટલેક ઠેકાણે આપણા પવિત્ર મુનીરાજો પણ ન્યાતના ઝઘડાઓ કઢાવીને બેસે છે. અને લોકોમા કલેશ ઉપજાવે છે આવા દિવસોમાં ગરીબ શ્રાવકોને મદદ આપવી જોઈએ તેને બદલે ત્રાસ આપે છે. શું અંધાધુની ચાલી છે. એટલુંજ નહિ પણ તેથી એટલો બધો વૈરભાવ બંધાય છે કે તે જન્માંતરમાં પણ છુટતો નથી. હવે હું લાબો

વખત રોકવા માંગતો નથી પણ મારે કહેવું જોઇએ કે પવિત્ર દિવસોમા એક મીનીટ જાય છે ને અમૂલ્ય છે. છતાં તેમા રમત તેમજ આવા ઝઘડાઓથી આઠ દિવસ પુરા કરે છે આને માટે ખાસ વિચારવું જોઇએ.

આ આઠ દિવસમા તપશ્ચર્યા બહુ થાય છે પણ મને નવાઇ લાગે છે કે લોકો બીજાને દેખાડવાજ કરતા હોયની ? નહિ તો શાંતિ, ક્ષમા વિગેરેની પણ તપશ્ચર્યા કરવી જોઇએ પણ તેના શરીરમાં તે વખતે બહુ ક્રોધ વ્યાપે છે. માટે તેમ નહિ કરતાં ક્ષમાદિગુણોથી વિભૂષિત થઇ તપશ્ચર્યા કરવી અને ઉપસર્ગો સહન કરવા જોઇએ ઉપસર્ગ સહન કર્યા વિના કર્મોનું દહન થવાનું નથી માટે એ ખુબ ધ્યાન રાખવાની જરૂર છે. પ્રભુ ભકિત અનન્ય ભાવથી કરવી કે જેથી કરેલા પાપમાથી કાંઇક મુકત થવાય.

આ પ્રસંગે મારી વ્હાલી બ્હેનોને પણ ભલામણ કરવાની કે આવા પવિત્ર દિવસોમા તમે ઉપાશ્રયે આવી કોલાહલ કરી મુકી બીજાઓને વિઘ્નભુત થાય છે તેમ ન થવું જોઇએ પ્રભાવના માટે વ્યાખ્યાનમા આવવું અને ન હોય ત્યારે ન આવવું તેમજ બબ્બે વખત શરમ છોડી પ્રભાવના લેવી એ પણ તમોને ઉચીત નથી--માટે આ ભલામણ ખાસ ધ્યાનમાં લેવી અને તે પ્રમાણે અમલ કરશો એવી મારી ખાસ પ્રાર્થના છે.

હવે છેવટે એટલુંજ કે આ કહ્યુ તે પર ધ્યાન

આપી અમલમાં મુકવા પ્રયત્ન કરશે. આટલું કહી બેશી જવાની રજા લઉં છુ કોઇને મારૂં વચન અપ્રિય લાગ્યું હોય તો ક્ષમા કરશો ઇતિ.

વ્હાલા બંધુઓ આ ઉપરનું ભાષણ આપે વાંચ્યું હશે તો હવે જેમ બને તેમ પર્યુષણના દિવસોમાં આવા ન કામા ઝઘડાઓ કરી કર્મ ઉપાર્જન કરતાં ધર્મ ધ્યાનમાં આઠે દિવસ વ્યતિત કરવા-વિશેષમાં કેટલાક ભાઇએ ખાનગી વેપાર કરી સઘને છેતરે છે સંઘની આણ તોડે છે પણ મિથ્યાત્વીઓ નીંદા કરે છે તો તેમ નહિ કરતાં આ આઠ દિવસમાં તે તમામ પ્રકારની ઉપાધીથી દુર રહેવું શાતિ અને દયાથી મન સ્થીર કરી પુન્યનો માર્ગ યોજવો એ જરૂરનું છે- પૂજા પ્રભાવના તપશ્ચર્યા વિગેરે ભાવથી કરવા ભાવવિના કોઇપણ ફળ મળતું નથી ભાવનાથીજ આપણુ કર્તવ્ય સધાય છે. એક બીજી ખાસ અગત્યની બાબતમાં દરેક ભાઇઓએ ધ્યાન આપવું જોઇએ કે હરેક કાર્યમાં ધમાલ કરી મૂકે છે. શાંતિ તો બીલકુલ રાખતાજ નથી પણ નજીવા કારણમાં લડી મરે છે કેટલેક ઠેકાણે બબ્બે મંડળીઓ હોય છે અને દેરાસર એક હોય છે ત્યારે બેસવાને માટે લડી મરે છે- અરે છેવટે માર પણ પડે છે. આહા; શુ ભાવના ? આવી ભાવના ભાવવા વાળી મંડળીઓ ભાવના માટે નહિ પણ લોકોને બતાવી પોતાની વાહ વાહ કહેવરાવવાને માટેજ

દેરાસરમાં આવે છે. માટે તેમ નહિ થવુ જોઇએ. જો બે મડળીઓ હોયતો બન્નેએ સપીને ભાવના ભાવવી જોઇએ. આટલુ લખાયું છતાં હજુ વધારે કહેવું જોઇએ કે સ્વામી વાત્સલ્યની પણ બહુ કઢંગી સ્થીતિ જણાય છે ખાવા કરતા બગડુ એઠવાડમાં જાય છે આથો અનેક જીવો ઉત્પન્ન થાય છે તો પુન્યને બદલે પાપ બંધાઇ જાય છે માટે જુઠુ બીલકુલ મુકવું નહિ અને તેને માટે બંદોબસ્ત પણ થવો જોઇએ.

મી. રમણીકલાલ પોતાના ભાષણમાં જે જણાવી ગયા તે પર ખાસ લક્ષ રાખવાની જરૂરછે. તપશ્ચર્યાના સબધમાં જે જે કહેવામાં આવ્યુંછે તે યથાર્થછે ઘણી બ્હેનો તથા ભાઇઓ બીચારા ખર્ચવાની શકિત નહિ હોવાથી તપશ્ચર્યા કરી શકતા નથી. અરે આશુ ગજબ પૈસાખર્ચે તોજ તપશ્ચર્યા થાય--એવુકયા શાસ્ત્રમાં લખાણુછે તે તો બતાવો શામાટે વિઘ્ન ભુત થઇ અતરાય કર્મ ઉપાર્જન કરોછે! અમારા પવિત્ર મુનિરાજો સમજતા છતાં આરિવાજ કેમ બધ નહિ કરાવ્યા હોય તે સમજાતુ નથી. માટે તેઓ સાહેબોએ અને શ્રીસંઘે આ બીના ખાસ લક્ષ્યમાં:રાખવાની જરૂરછે. હવે વધારે લખી આપનો વખત નહિ રોકતાં એટલુજ કહેવાનું કે જેમ બને તેમ આ આઠદિવસ ક્ષમા શાંતિ, વિગેરે કર્તવ્યથી વ્યતિત કરવા—કુથલી—કુસંપ

આદિથી દુર રહેવું જેમબને તેમ ધર્મ ક્રિયામાં વધારે લક્ષ આપવું. જૈન શાસનની વૃદ્ધિ થાય તેવા કાર્ય કરવા.

ઇતિ શાંતિ.

સર્વ મંગલ માંગલ્યમ્
સર્વ કલ્યાણ કારણમ્
પ્રધાન સર્વ ધર્માણામ્
જૈનં જયતિ શાસનમ્.

સમાપ્ત.

નવિન રાગરાગણીથી ભરપુર

શ્રી જીનેંદ્ર ગુણ માલિકા.

કીંમત ત્રણ પાઇ.

ઉપરોકત પુસ્તક બહુજ થોડા દિવસમા બ. પડશે જેની અંદર નવિન ઢબથી રસીક ગાયનોમાં જીનેંદ્ર ભગવાનની સ્તુતિ કરવામાં આવી છે. અગાઉથી પોણ આનાની ટીકીટ મોકલનાર નેજ મળશે પાછળથી નહિ મળે.

લખો.

ચત્રભુજ તારાચંદ.

ઠે. કુંવરજી કેશવજી

ઘાંચીની પોળ અમદાવાદ